પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૧૬૦ | ૨૦ ઓગસ્ટ, ૨૦૧૭, રવિવાર ; શ્રાવણ વદ - ૧૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

### નારાયણ રાણે ભાજપમાં જોડાશે

મહારાષ્ટ્રના વરિષ્ઠ કોંગ્રેસી આગેવાન નારાયણ રાણે નજીકના ભવિષ્યમાં ભાજપમાં જોડાશે. મહારાષ્ટ્રની ચૂંટણી પહેલા અનેક રાજકીય સમીકરણો બદલાવવાની શક્યતા છે.

### કેપ્ટન અમરિંદર સિંગને ક્લીન ચીટ

પંજાબના મુખ્યમંત્રી કેપ્ટન અમરિંદર સિંગ અને અન્ય ૩૦ને સીટી સેન્ટર સ્કેમના કરોડોના કૌભાંડના આક્ષેપો સામે લુધિયાણા કોર્ટ ક્લીનચીટ આપી છે.

### પટનાના માર્ગો પર પોસ્ટર વોર



જેડીયુની રાષ્ટ્રીય કારોબારીની બેઠક પહેલા પટનાની સડકો પર નીતિશ કુમાર અને શરદ યાદવના જૂથ વચ્ચે પોસ્ટર વૉર શરૂ થયું હતું. નીતિશ કુમારના પોસ્ટરોના જવાબમાં શરદ યાદવના ટેકેદારોએ પણ પોસ્ટરો લગાવ્યા છે.

આ પોસ્ટરોમાં લખવામાં આવ્યું છે કે જન અદાલતનો નિર્ણય, મહાગઠબંધન ચાલું છે. પોસ્ટરોમાં નીતિશ કુમારથી નારાજ ચાલી રહેલા શરદ યાદવ અને રાજ્યસભાના સાંસદ અલી અનવરની મોટી તસવીરો લગાવવામાં આવી છે.

# કલિંગ એક્સપ્રેસ ખડી પડતા ૨૦ના મોત

## પુરીથી હરિદ્વાર તરફ તરફ જતી ટ્રેન દુર્ઘટનાગ્રસ્ત થતા ખળભળાટ : મૃતકોના પરિવારોને ૩.૫ લાખની સહાય અપાશે

નવી દિલ્હી,તા. ૧૯ પુરીથી હરિદ્વાર તરફ જઈ રહેલી કલિંગ ઉત્કલ એક્પ્રેસ આજે સાંજે મુઝફ્ફરનગરના ખતૌલી નજીક પાટા પરથી ખડી પડતા રેલવે તંત્રમાં ભારે ભાગદોડ મચી ગઇ



હતી. આ બનાવમાં ઓછામાં ઓછા ૨૦ લોકોના મોત થઈ ગયા હતા અને સેંકડો લોકો ઘાયલ થયા હતા. બચાવ અને રાહત કામગીરી યુદ્ધના ધોરણો હાથ ધરવામાં આવી હતી. રેલવે પ્રધાન સુરેશ પ્રભુએ ભીષણ ટ્રેન અકસ્માતમાં મૃત્યુ પામેલા લોકોના પરિવારને ૩.૫ લાખ આપવાની જાહેરાત કરી હતી. જ્યારે ઘાયલ થયેલા લોકોને ૫૦ હજાર રૂપિયા આપવાની જાહેરાત કરવામાં આવી હતી. તાજેતરના સમયની સૌથી ભીષણ ટ્રેન દુર્ઘટના તરીકે આને ગણવામાં આવે છે. મોતનો આંકડો વધ શકે છે. અહેવાલ મુજબ અનેક ડબ્બા પાટા પરથી ખડી પડ્યા હતા. પોલીસ અને વહીવટી અધિકારીઓ ઘટના સ્થળે પહોંચી ગયા છે. ટ્રેન પુરીથી હરિદ્વાર જતી હતી. દુર્ઘટના પછી સરાહનપુર અને મુઝફ્ફરનગરના અધિકારીઓ પણ અકસ્માત સ્થળે દોડી ગયા છે. ઈજા પામેલાઓ પૈકી અનેકની સ્થિતિ ગંભીર હોવાનું પણ જાણવા મળ્યું છે. દુર્ઘટનામાં જાનહાનિનો આંક વધવાની પણ આશંકા વ્યક્ત કરાઈ છે. રેલવે પ્રધાન સુરેશ પ્રભુએ ટ્રેન દુર્ઘટાનામાં તપાસનો આદેશ જારી કર્યો છે. તેમણે જણાવ્યું હતું કે જો કોઈ ખામી ધ્યાન પર આવશે તો સખ્ત પગલાં લેવામાં આવશે. રેલવેએ આ

● અનુસંધાન પાન-૭ પર

# અંતે જેડીયુનો એનડીએમાં સામેલ થવાનો નિર્ણય

## બિહારમાં ભાજપની સાથે મળીને સરકારની રચના કર્યા બાદથી ચાલી રહેલી બધી અટકળોનો આખરે અંત આવ્યો



પટણા,તા. ૧૯

એક મહત્વપૂર્ણ રાજકીય ઘટનાક્રમમાં જેડીયુએ આજે એનડીએમાં સામેલ થવાનો નિર્ણય કર્યો હતો. આની સાથે બિહારમાં ભાજપની સાથે મળીને નીતિશ કુમારે સરકાર રચ્યા બાદ ચાલી રહેલી તમામ અટકળોનો અંત આવ્યો હતો. જેડીયુના જનરલ સેક્રેટરી કેસી ત્યાગીએ પાર્ટીની બેઠક બાદ વિધિવતરીતે ભાજપના નેતૃત્વમાં એનડીએમાં સામેલ થવાના નિર્ણયની જાહેરાત કરી હતી. ત્યાગીએ કહ્યુ હતુ કે પટણામાં મુખ્યપ્રધાન નીતિશ કુમારના આવાસ પર યોજાયેલી પાર્ટીની રાષ્ટ્રીય કારોબારીની બેઠકમાં એનડીએમાં સામેલ થવાનો ઠરાવ રજૂ કરવામાં આવ્યો હતો. જેને સર્વસંમતિ સાથે મંજુર કરવામાં આવ્યો હતો. ત્યાગીએ કહ્યુ હતુ કે આજથી અમે એનડીએના એક ભાગ તરીકે છીએ. ત્યાગીએ કહ્યુ હતુ કે બિહારમાં તમામ ૭૧ પાર્ટી ધારાસભ્યો, ૩૦ એમએલસી અને બે લોકસભા સાંસદ તેમજ મોટા ભાગના રાજ્યસભા સભ્ય નીતિશ કુમારના નેતૃત્વમાં જેડીયુની સાથે છે. જેડીયુમાં કોઇ ભંગાણ અથવા તો વિભાજન હોવાનો

● અનુસંધાન પાન-૭ પર

# આસામ-બિહારમાં પુરની સ્થિતી વણસી

નવી દિલ્હી,તા. ૧૯

બિહાર અને આસામમાં પુરની સ્થિતી હજુ પણ યથાવત ગંભીર બનેલી છે. છેલ્લા ૨૪ કલાકમાં જ પુરના કારણે બિહારમાં લોકોને માઠી અસર થઈ છે. પુરના તાંડવ બાદ મોટા ભાગની પરીક્ષા રદ કરવામાં આવી છે. સાથે સાથે ટ્રેનો પણ રદ કરવામાં આવી છે. સહરસામાં પણ હવે પુરની સ્થિતી રોકવા માટે હવે પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. બિહારમાં મોતનો આંકડો વધીને બુધવાર સુધી ૭૨ હતો જે હવે ઝડપથી વધીને ૧૫૩ ઉપર પહોંચ્યો છે. ૧૬ છે. આંકડો હવે મોતનો ૧૫૩ ઉપર પહોંચી ગયો છે. ઉત્તર બિહારમાં હાલત કફોડી છે. અહીં તમામ મોટી

● અનુસંધાન પાન-૭ પર



## બિહારમાં વધુ ૩૪ લોકોના મોત : કરોડો લોકો મુશ્કેલીમાં

વધુ ૩૪ લોકોના મોતની સાથે જ મૃતાંક રોકેટગતિથી વદીને વધીને હવે ૧૫૩ ઉપર પહોંચી ગયો છે. બચાવ અને રાહત કામગીરી યુદ્ધના ધોરણે જારી છે. ૧૬ જિલ્લામાં એક કરોડ સર્જાઇ ગઇ છે. હવામાન વિભાગે એવી આગાહી કરીન સરકારની મુશ્કેલી વધારી દીધી છે કે દક્ષિણી બિહારમાં વધુ એક સપ્તાહ સુધી વરસાદ જારી રહેનાર છે. રોગચાળાને જિલ્લાઓમાં પુરની અસર થતાં એક કરોડ લોકોને અસર થઇ હોવાના હેવાલ બુધવાર સુધી હતા. પરંતુ હવે તેમાં સહરસા પણ આવી જતા અસરગ્રસ્ત લોકોની સંખ્યા વધી રહી




# ૧૩,૦૦૦ કરોડના શેર બાયબેક પ્લાનને ઈન્ફોસીસ બોર્ડ ઓફ ડિરેક્ટર્સની મંજુરી

## ૧૧.૩ કરોડ શેરનુ બાયબેક કરવાની તૈયારી : બાયબેક ૧૧૫૦ રૂપિયા પ્રતિ શેર ઉપર કરવા નિર્ણય થયો

નવી દિલ્હી,તા. ૧૮

દેશની બીજી સૌથી મોટી સોફ્ટવેર કંપની ઈન્ફોસીસ૩૬ વર્ષના લાંબા ઈતિહાસમાં પ્રથમ વખત શેરબાયબેક કરવાનો નિર્ણય કર્યા બાદથી કોર્પોરેટ જગતમાં આની ચર્ચા જોવા મળી રહી છે. ઈન્ફોસીસે આજે જાહેરાત કરી હતી કે તેના બોર્ડે ૧૩૦૦૦ કરોડની શેરબાયબેક યોજનાને લીલીઝંડી આપી દીધી છે. ઈન્ફોસીસ બોર્ડ દ્વારા સહ ચેરમેન રવિ વેંકટેશન, કારોબારી ઉપ પ્રમુખ વિશાળ સિક્કા, વચગાળાના સીઈઓ અને એમડી પ્રવીણ રાવ, સીએફઓ એમડી રંગાનાથન, ડેપ્યુટી સીએફઓ જયેશ સંઘારંજકા અને અન્યોની બનેલી બાય બેક કમિટીની

● અનુસંધાન પાન-૭ પર

**વજન ઘટાડો**

જે વજન વધ્યુ છે તે ચોક્કસ ઘટી શકે છે
જરૂર છે અનુભવી વૈદ્યની સારવારની

- સંપૂર્ણ આયુર્વેદિક છે કોઈપણ જાતની આડઅસર વગર
- ઘટ્યા પછી વધે નહીં, તેની 100% ગેરંટી છે.
- ઘરે બેઠા સારવાર આપવામાં આવે છે.
- મેદસ્વીતા (ચરબી) ઘટતાં અનેક રોગોમાંથી મુક્તિ મેળવી સુંદરરૂપ ધારણ કરવા સંપર્ક કરો

નંદુભાઈ વૈદ્ય : 84014 33718

## ભારત-શ્રીલંકા વચ્ચે આજે પ્રથમ વનડે

દામ્બુલ્લા,તા. ૧૯

જેની ઉત્સુકતાપૂર્વક કરોડો ક્રિકેટ પ્રેમીઓ રાહ જોઈ રહ્યા હતા તે ભારત અને શ્રીલંકા વચ્ચે પાંચ વનડે મેચોની શ્રેણીની આવતીકાલથી શરૂઆત થઇ રહી છે. ત્રણ ટેસ્ટ મેચની શ્રેણી વિરાટ કોહલીના નેતૃત્વમાં ભારતીય ટીમે જીતી લીધા બાદ હવે વનડે શ્રેણીમાં પણ ધરખમ દેખાવ કરવા માટે ભારતીય ટીમ સંપૂર્ણપણે તૈયાર છે. શ્રીલંકાની ટીમનુ નેતૃત્વ ઉપુલ થારંગા કરનાર છે. ટેસ્ટ શ્રેણીમાં ટીમના નિરાશાજનક દેખાવ બાદ ટીમ પર ઘરઆંગણે વનડેમાં શાનદાર દેખાવ કરવા માટે દબાણ છે. ઝિમ્બાબ્વેની ટીમની સામે પણ શ્રીલંકાની કારમી હાર થયા બાદ ટીમના જુસ્સાને વધારી દેવા અને ટીમમાં નવા પ્રાણ ફુંકવા માટે થારંગાને કેપ્ટન તરીકેની જવાબદારી સોંપવામાં આવી છે. ઝિમ્બાબ્વેની સામે હાર થયા બાદ ઓલરાઉન્ડરએન્જેલો મેથ્યુસે રાજીનામુ કેપ્ટન તરીકે આપ્યુ હતુ. જેથી થારંગાને હવે કેપ્ટન તરીકેની જવાબદારી સોંપવામાં આવી છે. ૩૨ વર્ષીય થારંગા પાસેથી શાનદાર દેખાવની અપેક્ષા સ્થાનિક ક્રિકેટ ચાહકો રાખી રહ્યા છે.

